# વિનોબાની વાણી

## એમનું ચિત્ર નથી

મહંમદ પયગંબરનું કોઈ ચિત્ર નથી. તેઓ તો બાદશાહ પણ હતા, અને એ જમાનામાં ચિત્રકળાયે હતી. પરંતુ એમણે પોતાનું કોઈ ચિત્ર ન કાઢવા દીધું. તેની પાછળ વિચાર એ હતો કે મૂર્તિ-પૂજા ન થવી જોઈએ, અને વ્યક્તિ-નિરપેક્ષ ચિંતન ચાલવું જોઈએ.

પરંતુ આપણે ક્યાં કોઈને છોડીએ એવા છીએ? આપણે તો એમના વાળનો સંગ્રહ કરી રાખ્યો! બુદ્ધનો દાંત સાચવેલો છે, તો આમનો વાળ રાખીએ. આ કાંઈ ઇસ્લામ નથી, તેમ છતાં એ તો ચાલ્યું.

મહંમદ પયગંબરે વ્યક્તિ-નિરપેક્ષ વિચાર મૂક્યો. આખું 'કુરાન' વાંચી જઈએ; પણ જેમ 'ભાગવત'માં કૃષ્ણ-લીલા છે, 'બાઇબલ'માં ખ્રિસ્ત-લીલા છે, તેવું 'કુરાન'માં નહીં જોવા મળે. કૃષ્ણ-લીલા વિના 'ભાગવત' નહીં અને ખ્રિસ્ત-લીલા વિના 'બાઇબલ' નહીં, પણ પયગંબર વિના 'કુરાન' છે. એમની થોડીઘણી જાણકારી 'કુરાન'માં મળે છે, પણ તે કાઢી નાખીએ તોયે 'કુરાન'ને નુકસાન નહીં થાય.

i

## ગેરુઆ વિગ્યાપન

સંન્યાસકે લિએ મેરે મનમેં બહુત આદર હૈ. લેકિન ગેરુઆ પહિનના આદિ જો સંન્યાસીકા બાહ્ય વેશ હૈ, ઉસકો મૈં મહત્ત્વ નહીં દેતા. સંન્યાસકા અર્થ હૈઃ જીવનકા માલિક હમ નહીં, ભગવાન હૈ. ઉનકી સેવામેં હમારા સબ અહંકાર સમર્પિત હો. મૈંને દેખા હૈ કિ ગેરુઆ વસ્ત્રસે અહંકાર સમર્પિત હો જાનેકે બજાય દ્રિઢ બનતા હૈ. એક તરહસે વહ વિગ્યાપન હી હૈ. (આજકે જમાનેમેં મૈં બોલ રહા હું, પુરાને જમાનેકી બાત અલગ થી.) સમાજકે સેવક હોને કે બજાય હમ સમાજકી સેવા પાનેકે અધિકારી બન જાતે હૈં. ઇસલિએ મેરી સિફારિશ હૈ કિ બાહ્ય વેશ સાદા સમાજસેવકકા હો, ઔર અંતર મેં સંન્યાસકી ભાવના ઉત્તરોત્તર મજબૂત બને.

i

કફની. ગળામાં લાંબી કેરબાની માળા. એક હાથમાં લોઢાનો જબરદસ્ત ચીપિયો, ખભે ઝોળી. ચીપિયાનો પટાક પટાક અવાજ કરતો જાય. રસ્તામાં સામો મળે ત્યારે અમને બાળકોને માથે હાથ મૂકીને દુવા દેતો જાય.

હવે આવ્યું પોલીસનું થાણું. થાણામાં પાંચસાત પોલીસનાં ઘર. નાની ઓરડીઓને બારણે જૂના સાડલાના પરદા લગાવેલા હોય. અંદર પોલીસની બીબીઓ. બહાર તો એ કદી જોવા મળે જ નહિ. કુદરતી હાજતે જવું હોય તોય રાતે અંધારું થઈ જાય પછી જ નીકળે.

અને હવે આવ્યો 'સૌરાષ્ટ્ર' કુટુંબનો ડેલો. વચ્ચે મો...ટું ચોગાન અને ચોફરતી માટીની નાની ઓરડીઓની હાર. અત્યારે યાદ કરતાં થાય છે કે એ માટીની કોટડીઓમાં ત્યારે સ્વર્ગ વસતું. ચોગાનમાં રુખડબાવા જેવા બે મોટા લીમડા. ખરે બપોરે એની શીળી છાંયમાં કેટલા બધા માણસો આરામ કરતા! 'સૌરાષ્ટ્ર'ના છાપખાનાના બધા કાર્યકરો આ ડેલાની અંદર રહેતા. નાનામોટાનો કોઈ ભેદ નહિ.

ડેલામાં પેસતાં પહેલું જ ઘર આવે છે તે અમારું. અમારા રસોડાનો ચૂલો સતત ચાલુ જ હોય. દાળ-ભાત-શાકનાં તપેલાં ને રોટલી-રોટલા સતત ઊતરતાં જ રહે. તમે પૂછશો કે ઘરમાં એટલાં બધાં માણસો હતાં? અરે, માણસો તો ઇન, મીન ને તીન — બા, જીકાકા અને આપણા રામ. પણ અમારું રસોડું એટલે સમાજવાદી ભોજનાલય. કુટુંબ વિના રહેનારા 'સૌરાષ્ટ્ર'ના સૌ કાર્યકરો ત્યાં જમે. બહારગામથી પરોણા આવે, પોતાનાં દુઃખની ધા નાખવા ગામડાંના લોકો આવે, કે ગ્રામસેવકો આવે — જે કોઈ આવ્યા હોય તે જમે આ રસોડે. બા બિચારી રસોઈ કરતી જ જાય, ને હોંશથી સૌને જમાડતી જાય. હિંદુ ને મુસલમાન, નાનાં ને મોટાં સહુ ત્યાં સાથે જમતાં ને આનંદ કરતાં.

આપણે ડેલાની બહાર નીકળીએ. આ અમારા ગામનો મુખ્ય રસ્તો. તેની પર થોડાં ડગલાં ચાલીએ એટલે આવ્યો, રાણપુર ગામને ઇતિહાસમાં અમર કરનાર ક્રાંતિકારી અખબાર 'સૌરાષ્ટ્ર' કાર્યાલયનો ડેલો. ડેલા બહારની જાળીવાળી પરસાળમાં ચાકળો નાખીને બેઠા છે તે દરબાર બાપુભા અને દેવુભા, 'સૌરાષ્ટ્ર'ના કાયમી ચોકીદાર. એમની ચોકી ચોવીસેય કલાકની. બાજુમાં હોકો પડ્યો છે, તેનો ગડગડાટ સતત ચાલ્યા કરે.

ડેલાની અંદર ચાલ્યા, એટલે બેય બાજુ મોટા મોટા ઓરડા. એમાં છૂટાં છૂટાં ટેબલો. ટેબલ પર નજર નાખો તો એક બાજુ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, બીજી બાજુ પ્રખર સાહિત્યસેવી ભીમજીભાઈ 'સુશીલ', તો વળી "ડુંગર આવે તો ખોદી જાય, નદી આવે તો ટપી જાય" એવું ગીત આગગાડીના અભિનય સાથે અમને ગવડાવતા ત્રિભુવન વ્યાસ, ઇતિહાસની રસભરી વાતોથી ખુશ કરી દેનાર ગુણવંતરાય આચાર્ય, બૌદ્ધિક ચમકારથી સૌને આકર્ષતા કક્કલભાઈ કોઠારી; તો સામી બાજુના ઓરડામાં હિસાબનો ચોપડો

## સૌથી સસ્તું, સૌથી સ્વચ્છ

લાકડાં, કોલસા, કેરોસીન વગેરે બળતણોની સરખામણી કરીએ, તો ભારતમાં આજે સોંઘામાં સોંઘું બળતણ કયું છે? છાણ અને મળમૂત્રમાંથી બનતો ગોબર ગેસ. અને મોંઘામાં મોંઘું બળતણ એ જ છાણમાંથી બનાવેલાં છાણાંનું છે. તેને માટે ખાસ બનાવેલા ચૂલામાં ગોબર ગેસનો ઉપયોગ કરી શકાય છે. એ બાળવાથી મેશ વળતી નથી. તેની કોઈ વાસ રહેતી નથી. ગેસબત્તીમાં પણ એ વાપરી શકાય છે.

ગેસ-યંત્રમાંથી છાણ અને મળમૂત્ર મારફત બળતણ માટેનો ગેસ તો મળે છે; ઉપરાંત કીમતી ખાતર પણ મળે છે. ગામડાંમાં ઠેરઠેર પડેલો મનુષ્યમળ ગંદકી વધારે છે અને રોગનાં જંતુ ફેલાવે છે. તેને બદલે ગેસ-યંત્ર સાથે જાજરૂ જોડી દેવાથી ગેસ ને ખાતર તો મળે છે જ, અને વળી જાજરૂ સાફ કરવાનું ભંગીકામ રહેતું નથી. મળને કોઈએ હાથ લગાડવાનો રહેતો નથી. જાજરૂમાંથી મળ સીધો યંત્રની કોઠીમાં જાય છે, અને ગેસ બની ગયા પછી પાકીને ખાતરના રૂપમાં બહાર આવે છે. એ ખાતરનું આકર્ષણ માખી-મચ્છરને થતું નથી.

જશભાઈ પટેલ

i

## ત્રણ ટકાની તોલે

આ દેશમાં જે વિકાસ-કાર્ય થઈ રહ્યું છે, તેના સમાચારને આપણાં છાપાંમાં કેટલું સ્થાન મળે છે? પ્રેસ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇનડિયાના એક સંશોધકે છ દૈનિક અખબારોના એક માસના અંકો તપાસ્યા, તો જાણવા મળ્યું કે દેશના વિકાસ-કાર્યોના સમાચાર માટે સરેરાશ છાપામાં માત્ર ૩ ટકા જેટલી જગા ફાજલ પાડવામાં આવે છે. ભારે મોટો ભોગ આપીને આપણી પ્રજા જે વિકાસ કરી રહી છે, તેની પ્રત્યેની અખબારોની બેપરવાહી આવી છે.

i

શાંતિને મારગે ચાલવા આપણે આતૂર છીએ, પણ પાકિસ્તાન પોતાની આક્રમક પ્રવૃત્તિ ચાલુ રાખે તો આપણી સેના દેશનું રક્ષણ કરશે, અને પોતાના માનવબળનો ને સરંજામનો ઉત્તમ ઉપયોગ શી રીતે કરવો તે એ પોતે ઠરાવશે.

અત્યંત ગંભીર વિચારણા પછી અને મારી જવાબદારીના પૂરેપૂરા ભાન સાથે આ શબ્દો મેં ઉચ્ચાર્યા છે. આપણા જમાનાની આ એક અત્યંત ઐતિહાસિક ઘડી છે. ભારત અને પાકિસ્તાન બન્ને ઇતિહાસને ત્રિભેટે ઊભાં છે. આજની ઘડીએ દરેક ભારતવાસી પોતાની જાતને એક જ સવાલ પૂછી રહ્યો છેઃ પોતાના વતન માટે એ શું કરી શકે તેમ છે? આપણી આઝાદીનું રક્ષણ કરવાના રાષ્ટ્રના પ્રયાસોમાં એ કઈ રીતે હિસ્સો નોંધાવી શકે? આપણા તમામ દેશવાસીઓને મારી આ અપીલ છેઃ તમે જ્યાં ક્યાંય હો, જે કોઈ કામધંધો કરતા હો, ત્યાં તમારી કામગીરી પૂરેપૂરી ધગશથી બજાવજો. તમારી અંદર જે કાંઈ ઉત્તમ રહેલું હોય તે અર્પણ કરી દેજો અને નિસ્સ્વાર્થભાવે દેશની સેવા કરજો. આજની ઘડીની સર્વોપરી જરૂરિયાત છે રાષ્ટ્રીય એકતાની. હરકોઈ ધર્મ કે કોમના તમામ ભારતવાસીઓએ એક બનીને મક્કમતાથી ખડા રહેવાનું છે, અને મુસીબતો તથા બલિદાનો માટે પોતાની જાતને તૈયાર કરવાની છે.

લાલ બહાદુર

।

## સાપ તે સાપ જ છે

હું કોઈનો પક્ષ લેવા નથી માગતો, પણ આખરે રજ્જુ રજ્જુ છે અને સાપ તે સાપ છે, એ તો કહેવું જ પડેને! બિલકુલ દીવા જેવી સ્પષ્ટ વાત હતી, અને ત્યાંના યુનોના નિરીક્ષકોએ પણ જાહેર કરેલું કે પાકિસ્તાન તરફથી કાશ્મીરમાં ઘૂસણખોરી થઈ છે. હું જોઉં છું કે સીધું આક્રમણ થયું છે, તો મારે તેમ કહેવું જ જોઈએ. વળી, એ આક્રમણને ખાળવા માટે જ્યાં તેનું ઉગમ-સ્થાન છે ત્યાં જ એને રોકવું ઉચિત માનીને ભારતની સેના ત્યાં ગઈ હોય, તો તેણે સીમા-ઉલ્લંઘન કર્યું છે એમ હું નથી માનતો.

વિનોબા ભાવે

।

## બાલ્યવયની વીણા

બાલ્યવયમાં બાહ્ય જગત ઇન્દ્રિયોનાં દ્વાર આગળ એવી તો ભીડ કરીને ઊભું રહેતું, કે ન પૂછો વાત! બાલ્યવયમાં આંખ કરતાંય સ્પર્શ કદાચ વધુ સતેજ હોય છે. આપણા બાલ્યકાળની ઘણી સ્મૃતિઓ સ્પર્શની, સ્વાદની કે ગંધની સ્મૃતિઓ હોય છે. બાલ્યવયમાં તો શિશુનું શરીર તાર મેળવેલી વીણાની જેમ સહેજ સહેજમાં ઝંકૃત થઈ ઊઠે છે. પણ મોટા થઈએ છીએ તેમ તેમ શરીર મરતું જાય છે; ઠાઠડી પર ચઢાવતાં પહેલાં તો ક્યારનુંય આપણે એને ફૂંકી માર્યું હોય છે.

સુરેશ હ. જોશી

i

## અજોડ છાત્રાલય

ગુજરાતમાં અનેક વિદ્યાર્થી છાત્રાલયો ચાલે છે, પણ તેમાંનાં મોટા ભાગનાં તો માત્ર વીશીઓની ગરજ સારે છે. વીસમી સદીના બીજા દાયકામાં મોતીભાઈ અમીને સ્થાપેલી પેટલાદની બોર્ડિંગ અને ભાવનગરમાં નાનાભાઈ ભટ્ટનું દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન એ જમાનામાં નમૂનેદાર સંસ્થાઓ ગણાતી. સુરતના પાટીદાર (હવે વલ્લભ) વિદ્યાર્થી આશ્રમની સ્થાપના મેં છેક ૧૯૧૧માં કરેલી. એવાં અનેક છાત્રાલયોનો મને ઠીક ઠીક અનુભવ છે. પરંતુ ખેડા જિલ્લાના (માતર તાલુકાના) ભલાડા ગામમાં રાવજીભાઈ ના. પટેલ અને તેમનાં સંસ્કારશીલ પત્ની ડાહીબેનની દોરવણી નીચે, પાંચ જ ચોપડી ભણેલાં કાશીબેન પટેલ કન્યાઓ માટેનું એક છાત્રાલય ચલાવી રહ્યાં છે તેના જેવું સ્વચ્છ, વ્યવસ્થિત, અને કરકસરયુક્ત ખડતલ જીવન સાથે સુમેળ સાધે એવું બીજું છાત્રાલય મેં જિંદગીમાં જોયું નથી.

કલ્યાણજી વિ. મહેતા

i

*શિયાળે દરબાર ભર્યો છે: સૌને તેડું આવ્યું છે!...*

*તાજાં માજાં રીંગણ મ્હાલ્યાં, રોફ મારતાં કોબિજ ચાલ્યાં,*
*લાલ ટમેટાં ફક્કડ ફાલ્યાં, ખિલખિલ કરતાં ફ્લાવર હાલ્યાં.*
*સાફા લીલા બાંધી મૂળાભાઈનું ધાડું આવ્યું છે!*

હસિત બૂચ

i

# મિલન-બારીથી...વાચન-યાત્રા

**વીસમી** સદીના ઉત્તરાર્ધમાં ઘણા દેશોમાં અક્ષરજ્ઞાનનો પ્રચાર વધવા લાગ્યો. તેની સાથે છાપાં-સામયિકોની સંખ્યા અને તેમનો ફેલાવો વધતાં ચાલ્યાં. માણસ કંઈક વ્યાપક રસવૃત્તિવાળો હોય, તો તેને પેટ ભરીને વાંચવાનું મળી રહે એટલું સામયિક સાહિત્ય પ્રગટ થવા માંડ્યું. મુશ્કેલી તો એ થઈ કે છપાયેલાં લખાણોના આ ગંજને પહોંચી વળાય તેટલી ફુરસદ કાઢવી ક્યાંથી?

એમાંથી રસ્તો કાઢવા 'રીડર્સ ડાઇજેસ્ટ' પ્રકારનાં માસિકો આગળ આવ્યાં. પાર વગરનાં માસિકો-અઠવાડિકો-દૈનિકો તેમજ નવાં નવાં પુસ્તકોમાંથી ચૂંટેલાં લખાણો પોતાના વાચકોને એક જ સ્થળે સુલભ બનાવવાની કામગીરી એમણે ઉપાડી લીધી. આવા મધુ-સંચયનું કાર્ય ભારતમાં પહેલવહેલું કદાચ 'મંજરી' નામના તમિલ માસિકે પાંચમા દાયકામાં આરંભેલું. તે પછી ગુજરાતીમાં 'મિલાપ', મરાઠીમાં 'અમૃત', હિંદીમાં 'નવનીત' વગેરે સામયિકો દેશની વિવિધ ભાષામાં નીકળવા લાગ્યાં. પણ વાચકો સામે બીજી એક મોટી મુશ્કેલી હતી, તેનો ખ્યાલ ઉમાશંકર જોશીના આ શબ્દો પરથી આવશે.

અનેક નવાં સામયિકો પ્રગટ થયે જાય છે. પણ ગુજરાતી ભાષાનાં તમામ સામયિકોમાં થઈને થોડાંઘણાં વાંચવા જેવાં પાનાં કેમ મળતા નથી? વિચારપૂર્ણ અને વિચારપ્રેરક લેખો વરસદહાડે થઈને પણ કેમ ગણ્યાગાંઠ્યા પણ મળતા નથી, એ ચિંતા ઉપજાવે એવો પ્રશ્ન છે. આપણી કલમો કવિતા, વાર્તા, ધર્મ અને રાજકારણ એ સિવાય જાણે કશામાં રસ લઈ જ શકતી ન હોય એવું દેખાય છે— અને આ ઘણાંમાં પણ નિર્જીવ અને રોગિશ્ઠ અર્પણો જ ઘણાંખરાં તો હોય છે. પલટાતા જગતપ્રવાહોનું સ્થિર દૃષ્ટિએ આકલન કરનારી, જીવનના પાયાના પ્રશ્નો સાથે બાથ ભીડનારી, રાગદ્વેશના ઝંઝાવાતો વચ્ચે સત્યને માટે અકંપ ઉભનારી; સમાજ, રાજકારણ અર્થકારણ, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન, એ બધાં ફલકો ઉપર સ્વસ્થપણે વિચારનારી કલમો તો કયા જંગલમાંથી ઘડી લાવીએ? તેમ છતાંએવા પ્રયત્નોનું આવાહન કરવા માટે સામયિકો એક યોગ્ય વાહન છે. પ્રજાનું ચેતન જેમ જેમ વધતું જશે તેમતેમ સામયિકોમાં જરૂર ઉજેશ આવશે. ('સંસ્કૃતિ': મે ૧૯૪૮)

i

પ્રજાનું આ ચેતન વધારવામાં પોતાનો ફાળો આપી શકે એવાં થોડાંકેય લખાણો વિવિધ સામયિકોમાંથી કાળજીથી, ખંતભેર વીણી વીણીને એક જ માસિકનાં પાનાંમાં સુલભ કરી આપવાના નમ્ર પ્રયાસ રૂપે 'મિલાપ'નો આરંભ ૧૯૫૦ના પ્રજાસત્તાક દિને કરેલો. 'મિલાપ'ના પ્રથમ અંકને પહેલે પાને 'નાની શી મિલન-બારી' નામની તંત્રી-નોંધ મૂકેલી, તેમાં માસિક શરૂ કરવાનો ઉદ્દેશ કાંઈક આ રીતે રજૂ કરેલો: ખેડૂત અને વણકર,

કુંભાર અને સુથાર, સઈ અને મોચી, એ સહુ પોતપોતાની શક્તિ અનુસાર સમાજની અમુકઅમુક જરૂરિયાતો પૂરી પાડે છે. એમની માફક પ્રામાણિક પરિશ્રમ કરીને આપણી પ્રજાની આજની એક ચોક્કસ જરૂરિયાત પૂરી પાડવાનો આ નમ્ર પ્રયાસ છે. એ જરૂરિયાત છે, ચોપાસની દુનિયા વિશે જ્ઞાન વધારનારા, સાદા, સમજી શકાય તેવા વાચનની.

એ નોંધમાં આંકડા આપેલા કે ત્યારે ગુજરાતી ભાષામાં દોઢસો જેટલાં સામયિકો બહાર પાડતાં હતાં. ભારતની બાર મુખ્ય ભાષાઓ અને અંગ્રેજીનાં મળીને દેશમાં કુલ ૩૭૦૦ કરતાં વધુ દૈનિકો, સાતવારિયાં તથા અન્ય સામયિકો ત્યારે પ્રગટ થતાં હશે. વિદેશોથી પણ કેટલાંક સામયિકો આવતાં હતાં. એ બધાંના મોટા ખડકલામાં તત્કાલીન બાબતોને લગતો કેટલોયે કુથ્થો હશે; પણ થોડુંક વાચન એવુંયે હશે જે ભારતની કોઈપણ ભાષાના સામાન્ય વાચકને રુચે. એવી થોડીક સામગ્રીની તારવણી કરીને ‘મિલાપ’માં આપવાની નેમ રાખેલી અને એમાં, આ જાતના જગમશહૂર અમેરિકન માસિક ‘રીડર્સ ડાઇજેસ્ટ’ના સ્વરૂપનો નમૂનો નજર સામે રાખેલો.

સંપાદકીય દૃષ્ટિકોણનો ખ્યાલ પણ પહેલા અંકની એ નોંધમાં આપેલો હતો: “કોઈ એક વ્યક્તિ, પક્ષ, વાદ કે કોઈ એક વાવટા પ્રત્યેની વફાદારીનું છત્ર અમારે શિરે નથી. અમારા કાનમાં ભણકારા વાગે છે સાગરપારના એ મહાકવિએ ગાયેલા પેલા મંત્રના: ‘એબોવ ઓલ, ટુ ધાઇન ઓન સેલ્ફ બી ટ્રૂ’: સૌથી વિશેષ તો તારા આત્માને જ વફાદાર રહેજે. એને કદી ન છેતરજે.” સામાન્ય સમજના રસિક વાચકને રુચે, સરળ લાગે અને ઉપયોગી નીવડે તેવાં લખાણો પસંદ કરવાનું સીદુંસીધું ધોરણ ‘મિલાપ’ માટે રાખેલું.

‘મિલાપ’ના બદલામાં કેટલાંક સામયિકો દર મહિને આવતાં. પરભાષાનાં કે પરદેશનાં અમુક સામયિકો લવાજમ ભરીને અમે મંગાવતા. રોજેરોજ એ તથા નવાંનવાં પુસ્તકો જોતાં રહેવાનું, તેમાંથી ‘મિલાપ’ના બરનાં લખાણો પસંદ કરવાનું, તેને બને તેટલાં ટૂંકાવવાનું અથવા ટૂંકાવેલા અનુવાદો કરવાનું કામ સતત ચાલતું, કદી ન ખૂટતું. શક્તિ હોય તો હજી કેટલાં બધાં સામયિકો-પુસ્તકો જોવાનાં બાકી રહેતાં હતાં, એનો ખ્યાલ રહ્યા જ કરતો.

અન્ય સામયિકોમાંથી ચૂંટેલાં લખાણો જ ‘મિલાપ’માં પ્રગટ થાય છે તે સહુ જાણતાં હતાં. એટલે કોઈક જ વાર લેખક તરફથી અપ્રગટ લખાણ અમને સીધું મોકલાતું. અન્યત્ર છપાયેલા પોતાના લખાણ તરફ ક્યારેક કોઈ સદ્‌ભાવથી ધ્યાન દોરે. પણ સામાન્યપણે લેખકોનો એવો વિશ્વાસ બંધાતો ગયેલો કે એમનાં મુખ્ય લખાણો ‘મિલાપ’ના ધ્યાન બહાર નહિ ગયાં હોય રુ પછી ભલે તંત્રીની કાચીપાકી સમજણને કારણે તે ‘મિલાપ’માં લેવાયાં ન હોય. કેટલાક સ્નેહીઓ એવી મધુર અટકળો પણ કરતા કે પોતાનું કે અન્યનું અમુક તાજું પ્રગટ થયેલું લખાણ હવે પછીના ‘મિલાપ’માં આવવું જોઈએ!

'મિલાપ'માં રજૂ થતાં લખાણોમાંથી લગભગ પોણા ભાગ જેટલાં 'અખંડ આનંદ'થી 'સંસ્કૃતિ' સુધીનાં પંદરેક ગુજરાતી સામયિકોમાંથી પસંદગી પામતાં; બાકીનાં અન્ય ગુજરાતી, અંગ્રેજી અને હિંદી સામયિકોમાંથી. સામાન્ય વાચકોને સમજાય અને રસ પડે તેવાં લખાણો જ પ્રગટ કરવાનો 'મિલાપ'નો ઉદ્દેશ હતો. પણ પેલાં પંદર પૈકી જેને સાવ સામાન્ય વાચકો માટેનું સામયિક ગણી શકાય નહિ, તે 'સંસ્કૃતિ'માંથી જ 'મિલાપ'ને વધુમાં વધુ સરસ લખાણો સાંપડેલાં, એ એક સુખદ આશ્ચર્ય નીવડ્યું.

'મિલાપ'નાં લખાણો માટે વાચકોના પ્રતિભાવો એકંદરે ઉત્સાહ વધારનાર રહેતા. ટીકાઓ પણ મળતી રહેતી. સંપાદકોનું કેવું સદ્‌ભાગ્ય છે કે એમની પાસેથી વધારે ઊંચી અપેક્ષા રાખનારા વાચકો હંમેશાં મળી જ રહે છે, તેની પ્રતીતિ થતી. આ પ્રતિભાવોના અંશો દરેક અંકને આરંભે 'વાચકોની કલમે' નામના વિભાગમાં પ્રગટ થતા.

'મિલાપ'ના પહેલા અંકની ૨,૦૦૦ નકલ છાપેલી; છેલ્લા અંકની પણ લગભગ એટલી જ. ગ્રાહકસંખ્યામાં વરસે ૨૦૦-૩૦૦ની વધઘટ થયા કરતી. લવાજમ આરંભમાં રૂ. ૬.૫૦ હતું, તે ૨૦ વરસમાં વધતુંવધતું રૂ. ૨૦ સુધી પહોંચેલું. કેટલાક મિત્રો-શુભેચ્છકો મદદરૂપ થવા જાહેરખબરો આપતા. લવાજમની ને તેની આવકમાંથી માસિકનાં કાગળ-છપાઈ-રવાનગીનો ખર્ચ નીકળી રહેતો, તેટલા પૂરતું એ પગભર ગણી શકાય. પણ તંત્રી કે બીજા એકાદ સાથીનો બોજો તે ઉપાડી શકે તેવું નહોતું બન્યું. એ માટે પુસ્તક-વેચાણની કામગીરી પણ સાથોસાથ ઉપાડેલી. લોકમિલાપનાં પ્રકાશનો તો સાવ થોડાં; બીજા પ્રકાશકોનાં પુસ્તકો લાવીને વેચીએ તેમાં એમના તરફથી જે વળતર મળે એનો આધાર. 'મિલાપ' મારફત પુસ્તકોની જાહેરાત થાય, એટલે બહારગામથી પુસ્તકો મંગાવનારા વાચકોની સંખ્યા ધીમેધીમે વધતી ગઈ. 'મિલાપ' બંધ થયા પછી પુસ્તક-વેચાણ અને પ્રકાશન એ જ મુખ્ય પ્રવૃત્તિ થઈ રહી.

i

'મિલાપ'નો નવેમ્બર ૧૯૭૮નો અંક દોઢેક મહિનો મોડો પ્રગટ થયેલો (ડિસેમ્બરનો પણ સાથે જ), તેમાં ડિસેમ્બર પછી માસિક બંધ કરવાની જાહેરાત હતી. 'ચંદરોજ' મથાળા હેઠળ તે અંગે બે જ પાનાંનું તંત્રીનું નિવેદન મૂકેલું, તેટલું લખતાં તા. ૧૬ ડિસેમ્બરની સવારે ૧-૦૦થી ૪-૦૦ સુધીના ત્રણ કલાક મને લાગેલા. તેમાં જણાવેલું કે 'મિલાપ'નું પ્રકાશન સંકેલી લેવાનું કોઈ ખાસ કારણ નથી. "દરેક વસ્તુનો એક આરંભ હોય છે ને એક અંત હોય છે. એવો એક સહજ અંત 'મિલાપ'નો પણ આવે તે સ્વાભાવિક ગણાય. ગુજરાતની ફૂલવાડીમાં 'મિલાપ' નાનકડું પુષ્પ બનીને ખીલ્યું, ને પુષ્પની જેમ જ સ્વાભાવિકપણે હવે એ ખરી પડે છે. આજે નહિ તો બે વરસે, પાંચ વરસે પણ એને ખરવાનું તો હતું જ. ખીલવામાં જેમ આનંદ હતો, તેમ યથાકાળે ખરી પડવામાં પણ એક

જાતની સાર્થકતા અનુભવાય છે.

"સ્વપ્નસિદ્ધિની મજલે મુશ્કેલીઓ વધતી જાય તેવો કાળ આવ્યો છે, અને દેહની શક્તિ હવે (પંચાવન વરસે) વધતી નથી. પ્રાણ પાંખ વીંઝે છે, પણ શરીરને એની પાછળ ઘસડાવું પડે તેવું લાગે છે. હવે 'મિલાપ' ચાલુ રાખવાની હામ રહી નથી. થીગડથાગડ કરીને એને અંત લગી વળગી રહેવાની આસક્તિ નથી. ગુજરાતને એના વિના કશી ખોટ પડી જશે એવી દહેશત તો નથી જ."

પણ સરસ મજાનું કંઈક વાંચવામાં આવે કે તરત બીજા વાચનરસિકો સુધી તેને પહોંચાડવાની વૃત્તિ શમે તેમ નહોતી. ફેર પડ્યો હોય તો કદાચ એટલો કે આટલાં વરસના અનુભવ પછી રુચિ જરાક ઘડાઈ હોય, પસંદગીનું ક્ષેત્ર થોડું વ્યાપક બન્યું હોય, તેનું ધોરણ જરા કડક બન્યું હોય. હવે આ વૃત્તિ પ્રબળ થઈ આવે ત્યારે સારાંસારાં લખાણોના સંક્ષેપો કે અંશોનું કુટુંબો કે સંસ્થાઓના નાના-મોટા સમૂહો સમક્ષ વાચન કરવા હું નીકળી પડું છું. જુદેજુદે ગામ જેમને ત્યાં જાઉં ત્યાં ભોજન ને દક્ષિણાની યાચના કરું છું —'દક્ષિણા'માં એમનો કલાકેક જેટલો સમય, જેમાં હું કશુંક વાંચી સંભળાવું! ૧૯૮૫-૮૬માં પુસ્તક-પ્રદર્શન-વેચાણ માટેના આખરી પરદેશ-પ્રવાસ દરમ્યાન અમેરિકામાં આવો પ્રયોગ સૂઝેલો. પછી ૧૯૮૭માં નેવુંમી મેઘાણી જયંતી નિમિત્તે ગુજરાતમાં નેવું દિવસની વાચનયાત્રા કરી, ત્યારે દરેક જિલ્લામાં અને મુંબઈ શહેરમાં વિવિધ પુસ્તકોના અંશોનું વાચન વિશેષ આયોજનપૂર્વક કરવાનું બન્યું. હજી અવારનવાર અમુકઅમુક વિસ્તારમાં એવી વાચનયાત્રા નિજાનંદ માટે કરતો રહું છું.

મહેન્દ્ર મેઘાણી

i

લોકમિલાપ કાર્યાલય નામે કામની શરૂઆત કરી ભારતના પહેલા પ્રજાસત્તાક દિને, ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ; તેનું લોકમિલાપ ટ્રસ્ટમાં રૂપાંતર થયું ૧૯૬૮ના પ્રજાસત્તાક દિને. 'મિલાપ'નો છેલ્લો ૩૯૯મો અંક પ્રગટ થયો ડિસેમ્બર ૧૯૭૮માં. (વચમાં, દેશમાં કટોકટી જાહેર થઈ ત્યારે તેનું પ્રકાશન સપ્ટેમ્બર ૧૯૭૬થી મે ૧૯૭૭ સુધી નવ મહિના માટે બંધ રાખવું પડેલું.)

'મિલાપ'ના પ્રથમ અંકને પહેલે પાને 'નાની શી મિલન-બારી' નામની તંત્રી-નોંધ મૂકેલી, તેમાં માસિક શરૂ કરવાનો ઉદ્દેશ કાંઈક આ રીતે રજૂ કરેલો: ખેડૂત અને વણકર, કુંભાર અને સુથાર, સઈ અને મોચી, એ સહુ પોતપોતાની શક્તિ અનુસાર સમાજની અમુકઅમુક જરૂરિયાતો પૂરી પાડે છે. એમની માફક પ્રામાણિક પરિશ્રમ કરીને આપણી પ્રજાની આજની એક ચોક્કસ જરૂરિયાત પૂરી પાડવાનો આ નમ્ર પ્રયાસ છે. એ જરૂરિયાત છે, ચોપાસની દુનિયા વિશે જ્ઞાન વધારનારા, સાદા, સમજી શકાય તેવા વાચનની.